## તંત્રી સ્થાનેથી......

ગુજરાત વિધાનસભા દ્વારા આયોજિત દ્વિ-દિવસીય સંસદીય કાર્યશાળાના સમાપન સમારોહમાં રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, સમગ્ર દેશમાં આપણું ગુજરાત અનેક બાબતોમાં આદર્શ મોડેલ છે. જો જીવલેણ રોગોથી મુક્ત થવું હશે,સ્વાસ્થ્યપ્રદ અન્ન આરોગવું હશે, હવા-પાણી-ભૂમિ અને પર્યાવરણની રક્ષા કરવી હશે, ગૌ માતાને બચાવવી હશે તો પ્રાકૃતિક ખેતી અપનાવવી જ પડશે. ગુજરાત વિધાનસભાના તમામ ધારાસભ્યોને તેમણે કહ્યુંકે, જો તમે ખેડૂતોનું કલ્યાણ ઈચ્છતા હો તો ગુરુદક્ષિણામાં મને વચન આપો કે, તમે પોતપોતાના મતવિસ્તારમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા માટે પ્રેરિત અને પ્રોત્સાહિત કરશો. પ્રાકૃતિક કૃષિમાં પણ ગુજરાતને આખા દેશ માટે આદર્શ મોડલ બનાવવા તેમણે તમામ ધારાસભ્યોને આહ્વાન કર્યું હતું.સમાપન સત્રમાં ધારાસભ્યોને સંબોધતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાસાયણિક ખેતીમાં રાસાયણિક ખાતર- પેસ્ટીસાઈડ્સના અંધાધુંધ ઉપયોગથી વધી રહેલા રોગોથી સાવચેત કરતાં કહ્યું કે, આપણે કરોડો રૂપિયા ખર્ચીને વિદેશથી રાસાયણિક ખાતરો રૂપે ઝેર ખરીદી રહ્યા છીએ. તેમણે ઓર્ગેનિક ખેતી એટલે કે જૈવિક ખેતી પણ શ્રેષ્ઠ અને સફળ પદ્ધતિ નથી એમ કહીને પ્રાકૃતિક ખેતી એટલે જૈવિક ખેતી-ઓર્ગેનિક ખેતી નહીં, તેની ખૂબ ઉપયોગી જાણકારી આપી હતી અને કહ્યું હતું કે, જંગલમાં કોઈ જ ખાતર કે દવા નાખ્યા વિના પ્રકૃતિની કૃપાથી વૃક્ષો સ્વસ્થ અને ફળાઉ રહે છે, ભૂમિ પણ ફળદ્રુપ રહે છે એ જ રીતે ખેતરમાં પણ પ્રકૃતિ દ્વારા જ પાકનું જતન-સંવર્ધન થાય એનું નામ પ્રાકૃતિક ખેતી. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક ખેતી પદ્ધતિની વિગતવાર જાણકારી આપીને દેશી ગાયના ગોબર -ગૌમૂત્રમાંથી ખાતર બનાવવાની પદ્ધતિ, તેનો ઉપયોગ અને તેના ફાયદા તથા એક સમયે એક કરતાં વધુ પાક લઈને કોઈપણ પ્રકારના ખર્ચ વિના, સાવ ઓછી મહેનતથી, ઓછા પાણીએ પ્રાકૃતિક કૃષિથી વધુ ઉત્પાદન કેવી રીતે મળી શકે અને ખેડૂતોની આવક બમણી કેવી રીતે કરી શકાય તેની સવિસ્તર સમજણ આપી હતી. તેમણે કહ્યું હતું કે, ગુજરાતમાં અત્યારે ૩,૨૫,૦૦૦ ખેડુતોએ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ આખા દેશના ખેડૂતો પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવે એ માટે પ્રયત્નશીલ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યમાં પ્રાકૃતિક ખેતી માટેના અભિયાનને વધુ વેગવાન બનાવવામાં આવ્યું છે અને કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલના પ્રયત્નોથી કૃષિ વિભાગના અધિકારીઓ પણ ખેડૂતોને તાલીમ આપવાના કામમાં શ્ઈ૩૯;મિશન મોડશ્ઈ૩૯;થી જોડાયા છે. તેમણે તમામ ધારાસભ્યોને પોતપોતાના વિસ્તારમાં ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતી પદ્ધતિની તાલીમ શિબિરનું આયોજન કરવા અનુરોધ કર્યો હતો. એટલું જ નહીં, ખેડૂતોને તાલીમ આપવા જાતે આવવાની પોતાની પ્રતિબદ્ધતા પણ જાહેર કરી હતી. વિધાનસભાના તમામ ધારાસભ્યોએ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના આ અભિગમને પોતાના સ્થાને ઉભા થઈને વધાવી લીધો હતો.

# કરજણમાં વડોદરા જિલ્લાનો પાંચમો આયુષ મેળો યોજાયો

કમલમ્ ન્યુઝ,વડોદરા,

નિયામક,આયુષની કચેરી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગર અને જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી, જિલ્લા પંચાયત ,વડોદરા દ્વારા આયોજિત અને ક્રિષ્ણા આયુર્વેદ મેડિકલ કોલેજ (KPGU) વરણામા, શ્રીમતિ માલિની કિશોર સંઘવી હોમિયોપથી મેડિકલ કોલેજ, સુમેરુ -કરજણ, તાલુકા પંચાયત, તાલુકા હેલ્થ ઓફિસ, આઈસીડીએસ વિભાગ, નગરપાલિકા કરજણ અને સામાજિક અગ્રણીઓના સહકારથી ભરતમુનિ નગરગૃહ, કરજણ ખાતે વડોદરા જિલ્લાનો પાંચમો આયુષ મેળો યોજાયો હતો. આ આયુષ મેળાનો ૧૨૦૫૮ લોકોએ લાભ લીધો હતો.કરજણના ધારાસભ્ય શ્રી અક્ષય ભાઈ પટેલે આયુષ મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. આ આયુષ મેળામાં આયુર્વેદ નિદાન સારવારના ૩૪૬, હોમીઓપેથીક નિદાન સારવારમાં ૩૮૨,ગુડ આમલકી પેય વિતરણ-૬૯૦,અગ્નિકર્મ ચિકિત્સા-૧૬,આયુર્વેદ પ્રદર્શન, ૯૯૦,હોમીઓપેથીક પ્રદર્શન, ૧૩૫૨ રસોડાના ઔષધ અને ઔષધીય વનસ્પતિ પ્રદર્શન ૬૫૦,યોગ નિદર્શન ૧૭૮૦ વાનગી પ્રદર્શન અને મીલેટ્સ પ્રદર્શન ૪૩૦,પ્રકૃતિ પરીક્ષણ લાભાર્થી ૧૫૦, લાઈવ પંચકર્મ પ્રદર્શન ૨૬ (જલોકા, પત્રપિંડ સ્વીદ, અર્ક પત્ર અગ્નિકર્મ) શાળા આયુષ અવેરનેસ અને આયુષ જનજાગૃતિ ૩૩૯૦, આર્શેનિક આલ્બમના ૧૮૫૬ લાભાર્થી સહિત ૧૨૦૫૮ નાગરીકોએ લાભ લીધો હતો. આ પ્રસંગે જિલ્લા આયુર્વેદ શાખાના આકર્ષણ એવા SDG આયુષ વ્હીલ (આયુષ દ્વારા સ્વાસ્થ્યના નિરંતર ધ્યેયો ની પ્રાપ્તિ) તથા આયુષ બાલ સંજીવની કીટનું વિમોચન ધારાસભ્યશ્રીના હસ્તે કરવામાં આવ્યુ હતું.સ્વસ્થ બાળ સ્પર્ધા ના બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. મહેમાનો સહિત અનેક લોકોએ આયુષ સેલ્ફી પોઈન્ટ પર સેલ્ફી પડાવી સોશ્યલ મિડીયા પર મૂકી આયુષનુ પ્રમોશન કર્યુ હતું. આ મેળાને સફળ બનાવવા માટે જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી ડૉ.સુધીરભાઈ જોશી તથા કરજણ શિનોર તાલુકાના મેડિકલ ઓફિસરોની ટીમ દ્વારા મેળાના અગાઉના દિવસોમાં આંગણવાડી તથા શાળામાં સઘન આરોગ્ય તપાસ, આરોગ્ય જાગૃતિ, યોગ સેશન તથા પ્રચાર પ્રસારની કામગીરી કરવામાં આવી હતી. જેમા MKS હોમિયોપથી મેડિકલ કોલેજ ના ઈન્ટર્ન ડૉ. ટીમનો સહયોગ મળ્યો હતો. આ પ્રસંગે તાલુકા પંચાયત કરજણના પ્રમુખ શ્રીમતિ કામિક્ષાબેન પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય શ્રીમતિ દિપ્તીબેન ભટ્ટ તથા જિલ્લા સામાજિક ન્યાયસમિતિ ચેરમેન શ્રી રામાભાઈ રાઠોડ, નગરપાલિકા પ્રમુખ શ્રીમતિ મીનાબેન ચાવડા, નગરપાલિકા ઉપપ્રમુખ શ્રી જયેશભાઈ પટેલ, તાલુકા વિકાસ અધિકારીશ્રી નિરજભાઈ બારોટ, અગ્રણીશ્રી પ્રદીપસિંહજી, તાલુકા મહિલા અને બાળ વિકાસ અધિકારી શ્રીમતિ ફાલ્ગુનીબેન પંડ્યા, તાલુકા આરોગ્ય અધિકારી શ્રી પ્રશાંતસિંઘ, તાલુકા શિક્ષણ અધિકારીશ્રી મોહસીન, MKS હોમિયોપેથીક મેડિકલ કોલેજના ડાયરેક્ટરશ્રી ડૉ. મિહિર પરીખ, પ્રિન્સીપલ શ્રી ડૉ. હિતેષ પુરોહિત પદાધિકારીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.



**આયુષ મેળાનો ૧૨ હજારથી વધુ લાભાર્થીઓએ લીધો લાભ**



કમલમ્ ન્યુઝ,સમીર શાહ

મહાશિવરાત્રીના પાવન પર્વે અતિ પ્રસિદ્ધ અતિ પૌરાણિક ગૌમુખ ધામે ધર્મ જાગરણ સમન્વય-તાપી તથા શ્રી ગૌમુખ મહાદેવ મંદિર આયોજીત ૧૦૦૦૦૮ રુદ્રાક્ષ દ્વારા નિર્મિત શિવલીંગ પર જલાભિષેક કર્યા અને દર્શન કરીને ધન્યતા અનુભવી. એમાં ભાજપના આગેવાનો હાજર રહ્યા હતા.

# દક્ષિણ ગુજરાતના તાપી જિલ્લામાં શિવપૂજન



કમલમ્ ન્યુઝ,રાકેશ વાળા

તાપી જિલ્લાના શિવાલયો મા બાલપુર મહાદેવ, ગૌમુખ મહાદેવ, કાકરાપાર પાસે સ્થાનેશ્વર મહાદેવ, વ્યારા મા મનકામેશ્વર મહાદેવ , રામેશ્વર મહાદેવ મંદિર આવેલ છે. શ્રી લીમડા ગણેશ મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શિવરાત્રી ના પવિત્ર દિવસે શિવપૂજન,શિવ આરાધના,હવનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. હજારો ભાવિકભકતો એ શિવપૂજન અને ભોજનનો આનંદ માણીયો . શ્રી લીમડા ગણેશ મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમગ્ર સેવા પુરીપડવામાં આવેલ. સામાજીક કાર્યકર તરીકે શ્રી કુલીન પ્રધાન( કારોબારી ચેરમેન વ્યારા નગર પાલિકા) , રવિભાઈ મોરે, અંકુર પટેલ, પાર્થ તિવારી, કૃણાલ પ્રધાન, રમેશભાઈ ગણાત્રા,અતુલભાઈ વ્યાસ, અંજુબેન વાળા, ભાવનાબેન ગણાત્રા, ઉપસ્થિત રહ્યા હતા. શ્રી લીમડા ગણેશ મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ વ્યારા દ્વારા ઘણી સેવાકિય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

# રાજકોટજીવનનગરમાં શિવરાત્રિ મહોત્સવ ધામધૂમથી સંપન્ન

**રાજકોટ રામેશ્વર મંદિરમાં શિવરાત્રિ મહોત્સવ વિધિ–વિધાન સાથે સંપન્ન**



કમલમ્ ન્યુઝ,રાજકોટ

જીવનનગર વિકાસ સમિતિ સંચાલિત રામેશ્વર મહાદેવ મંદિર, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહાદેવધામ સમિતિ, મહિલા મંડળના સંયુકત ઉપક્રમે મહાશિવરાત્રિ પર્વની ભાવપૂર્વ ઉજવણી, વિધિ–વિધાન સાથે સંપન્ન થઈ હતી. લઘુરૂદ્રમાં એક હજાર શ્રદ્ધાળુઓ અને સામુહિક ફરાળમાં એક હજાર બસ્સો ભાવિકોએ ભાગ લીધો હતો. ભા.જ.પ. ના પદાધિકારીઓએ હાજરી આપી આરતીમાં ભાગ લીધો હતો. મહોત્સવમાં શહેર ભા.જ.પ. ના ઉપપ્રમુખ પરેશભાઈ હુંબલ, ફાયર સમિતિના ચેરમેન જયોત્સનાબેન ટીલાળા, વિણાબેન મહેતા, કોર્પોરેટર નિરૂભા વાઘેલા, ચેતનભાઈ સુરેજા, પૂર્વ કોર્પોરેટર અશ્વિનભાઈ ભોરણીયા, વોર્ડ પ્રમુખ રજનીભાઈ ગોલ, મહામંત્રી પરેશભાઈ તન્ના, હિતેષભાઈ ચુડાસમા, પાર્થ ગોહેલ, વિનોદરાય જે. ભટ્ટએ હાજરી આપી લઘુરૂદ્રમાં આહુતિ સાથે મહાઆરતીમાં ભાગ લીધો હતો. સમિતિના પ્રમુખ એડવોકેટ જયંત પંડયાએ મહેમાનોને આવકારી વિવિધ પ્રવૃત્તિઓન ચિતાર રજૂ કર્યો હતો. શિવભક્ત વિજયભાઈ જોબનપુત્રા પરિવાર અને મહિલા મંડળને વિશેષ અભિનંદન પાઠવ્યા હતા. આગામી હોલિકાત્સૌવ, ધૂળેટી પર્વ અને રહીશોના છાત્ર–છાત્રાઓના સન્માનની જાહેરાત કરી હતી. લઘુરૂદ્રમાં પૂજારી પ્રવિણભાઈ જોષી, હિતેષભાઈ જોષીએ મંત્રોચ્ચાર સાથે આહુતિ, ધાર્મિક વાતાવરણ ઉભું કર્યું હતું. શ્રદ્ધાળુઓ પ્રભાવિત થયા હતા. મુખ્ય યજમાન યોગિતાબેન, વિજયભાઈ જોબનપુત્રાની શિવ પ્રત્યેની ઉદાત્ત ભાવના સાથે યોગદાનની કદર કરવામાં આવી હતી. સમિતિએ સન્માન કર્યું હતું. સમિતિના અંકલેશ ગોહિલ, શૈલેષભાઈ પુજારા, પાર્થ ગોહેલ, વિનોદરાય ભટ્ટ, અશોકભાઈ વાઘેલા, દિલીપભાઈ ચૌહાણ, સંજય ધકાણ, રાજુભાઈ ચતવાણી, ગોવિંદભાઈ ગોહેલ, પંકજભાઈ મહેતા, વાલજીભાઈ ચુડાસમાએ ઉત્કૃષ્ઠ કામગીરી બજાવી હતી. મહિલા મંડળના સુનિતાબેન વ્યાસ, અલ્કાબેન પંડયા, શોભનાબેન ભાણવડિયા, ભારતીબેન ગંગદેવ, જયોતિબેન પુજારા, આશાબેન મજેઠીયા, યોગીતાબેન જોબનપુત્રા, હર્ષાબેન પંડયા, હંસાબેન ચુડાસમા, ભારતીબેન રાવલ, વિણાબેન, મીનાબેન, સરોજબેન, ભાવનાબેન, આરતીબેન, અલ્પાબેન, નયનાબેન, જયશ્રીબેન, ભદ્રાબેન, પ્રફુલ્લાબેન, કુસુમબેન, પારૂલબેન, વર્ષાબેન, કૃપાબેન, હિમાબેન, હિનાબેન, નેહાબેન, ગીતાબેન સહિત મહિલા મંડળે ઉત્કૃષ્ઠ કામગીરી બજાવી આયોજનને સફળ બનાવ્યું હતું.



કમલમ્ ન્યુઝ,

જિલ્લા પંચાયત દ્વારા નેત્રા જુથ ગ્રામ પંચાયતને સેકસન મશીનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરવામાં આવ્યું આ તકે જિલ્લા પંચાયતના પ્રમુખ પારૂલબેન કારા, જિલ્લા પંચાયતના સદસ્યશ્રી પુરૂષોત્તમભાઈ મારવાડા, જિલ્લા પંચાયતના સદસ્યશ્રી બચુભાઈ પટેલ, નેત્રાના સરપંચશ્રી બહાદુરસિંહ જાડેજા, સામતભાઈ ગોરડિયા,તથા ગ્રામ પંચાયતના સભ્યો વગેરે હાજર રહ્યા હતા એ જય.એમ.ગજરા (ભાનુશાલી) સહ ઈન્ચાર્જ સોશ્યલ મીડિયા અબડાસા તાલુકા ભાજપ ની યાદીમાં જણાવ્યું હતું

# માન.મુખ્યમંત્રીશ્રીનાં ૧૦૦ દિવસ સંકલ્પ અન્વયે તાપી જીલ્લામાં દિવ્યાંગજનોને દિવ્યાંગતા પ્રમાણપત્ર આપવા Unique Disability ID (UDID) કેમ્પનું આયોજન




કમલમ્ ન્યૂઝ,ઉમેશ તામસે

માન.મુખ્યમંત્રીશ્રીનાં ૧૦૦ દિવસ સંકલ્પ અન્વયે તાપી જીલ્લામાં દિવ્યાંગજનોને ઘર આંગણે આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે Unique Disability ID (UDID) કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં તાપી જીલ્લાના જુદા જુદા તાલુકાઓમાં દિવ્યાંજનોને ડિસેબીલીટી માટેના ઓળખ સર્ટીફીકેટ આપવામાં આવશે. જેનું સમગ્ર આયોજન દરેક તાલુકાવાર કરવામાં આવેલ છે. જે અનુસાર આગામી તા.૨૪/૦૨/૨૦૨૩ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે થી સાંજે ૦૪:૦૦ કલાક સુધી સામુહિક આરોગ્ય કેન્દ્ર, ડોલવણ, જિ,તાપી ખાતે કેમ્પ યોજાશે. આ ઉપરાંત તા. ૦૩/૦૩/૨૦૨૩ના રોજ સામુહિક આરોગ્ય કેન્દ્ર, હિંદલા, જિ,તાપી ખાતે, તા. ૧૦/૦૩/૨૦૨૩ના રોજ પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર, બોરદા,તા,સોનગઢ,જિ,તાપી ખાતે, તા. ૧૭/૦૩/૨૦૨૩ના રોજ સામુહિક આરોગ્ય કેન્દ્ર, નિઝર, જિ,તાપી ખાતે, તા. ૨૪/૦૩/૨૦૨૩ના રોજ સામુહિક આરોગ્ય કેન્દ્ર, કુકરમુંડા, જિ,તાપી ખાતે અને તા.૩૧/૦૩/૨૦૨૩ના રોજ સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ, ઉચ્છલ, જિ,તાપી ખાતે સવારે ૦૯:૦૦ કલાકે થી સાંજે ૦૪:૦૦ કલાક સુધી કેમ્પનું અયોજન કરવામાં આવ્યું છે. જેમાં જાહેરજનતાને આ કેમ્પનો લાભ લેવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.પાઉલ વસાવા દ્વારા અખબારી યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

# મહુવાના રામવાડી હોલ ખાતે મહિલા જમીન અધિકારની પ્રાપ્તિ તરફ "તાલુકા સ્તરીય પરામર્શ" કાર્યક્રમનું આયોજન



કમલમ્ ન્યુઝ,

મહુવાના રામવાડી હોલ ખાતે મહિલા જમીન અધિકારની પ્રાપ્તિ તરફ "તાલુકા સ્તરીય પરામર્શ" કાર્યક્રમનું આયોજન શક્તિ મહિલા સંગઠન મહુવા તેમજ ઉત્થાનના સહીયારા પ્રયાસથી કરવામાં આવ્યું. વિવિધ સરકારી વિભાગોમાંથી આવેલ અધિકારીશ્રીઓ તરફથી "મહિલા જમીન અધિકારને લગતા તાલુકા સ્તરીય પરામર્શ" હાજરી આપી અને કાર્યક્રમને સફળ બનાવવા યોગદાન આપ્યું.

૧. મામલતદાર વિભાગ મહુવા- ડેપ્યુટી મામલતદારશ્રી હિરેનભાઈ પંડયા

૨. છઁ વિભાગ મહુવા – ભરતભાઈ

૩. મનરેગા વિભાગ મહુવા – જગદિશભાઈ

૪. તલાટી કમ મંત્રી ગામ ખરેડ વિપુલભાઈ

૫. તલાટી કમ મંત્રી ગામ કતપર સલીમભાઈ

૬. તલાટી કમ મંત્રી ગામ દેવળીયા કિશોરભાઈ

૭. તલાટી કમ મંત્રી ગામ ભાદરા ભાવચંદભાઈ

આ કાર્યક્રમમાં શકિત મહિલા સંગઠનનિ મહિલા ન્યાય સમિતિ, જમીન માલિકી સમિતિ અને ગ્રમ્ય સંગઠણા અનુભવના આધારે ઉપસ્થિત સરકારી અધિકારીઓ સમક્ષ કેટલીક ભલામણો કરવામાં આવી.

મૃત્યુ નોંધના દાખલાની પ્રક્રિયા સરળ અને ઓછા ખર્ચની થાય તેવી જોગવાય કરવી.

માળખાઓ દ્વારા મહિલાઓ સાથે દરેક સ્તરે અતિ સંવેદનશીલ વાતાવરણ ઉભું કરવું.

મહિલા જમીન માલિકીને લઈને સરકાર ઝુબેશો કે જાગૃતિ કાર્યક્રમો સઘન રીતે ગામોમાં કરે જેથી જમીન અને ખેતી લગતી સરકારી યોજનાનો લાભ વંચિત નાં રહી જાય.

જયારે પુરુષોના જમીનમાં નામ ઉમેરવા આવે ત્યારે સાથે મહિલાઓના પણ સાથે ચડી જાય તેવી પ્રક્રિયામાં બદલાવ લાવી શકાય.

સરકાર દ્વારા સંયુક્ત નામે જમીન માલિકી ઉભી થાય તેવી ઝુંબેશો કરવી જોઈએ. કાર્યક્રમમાં આમંત્રિત મામલતદાર વિભાગ મહુવા ડેપ્યુટી મામલતદારશ્રી હિરેનભાઈ પંડયા અને અન્ય અધિકારીઓ દ્વારા આ ભલામણોને ધ્યાનમાં દોરી આગળ અધિકારીઓ સુધી વાત પોહ્ચાડવા બાબતે બાંહેધરી આપી.



કમલમ્ ન્યુઝ,

મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તો કનાળા તાલુકો સોનગઢ મુકામે મહાદેવજીના મંદિરના પરિસરમાં બિલીપત્રનુ વૃક્ષારોપણ કરવામાં આવ્યું આ કાર્યક્રમ મા સામાજિક કાર્યકર શ્રી જીજ્ઞેશ પાટીલ, દિપલીબેન પાટીલ, રાજેન્દ્રસિંહ તથા મહાદેવ ભકતો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાકૃતિક ખેતીથી ગામડાઓ આત્મનિર્ભર બનવાની દિશામાં આગળ વધે- રાજયપાલશ્રી

કમલમ્ ન્યુઝ,મહેસાણા


ગુજરાતના રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતે મહેસાણા ખાતે બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના સ્વર્ણિમ મહોત્સવ પ્રસંગે કિસાન સંમેલનમાં જણાવ્યું હતું કે પ્રાકૃતિક ખેતી સમૃદ્ધ અને આત્મનિર્ભર ગામડાઓનો આધાર બનવાની છે. પૌરાણિક ગ્રામ વ્યવસ્થા માટે ગામડાઓએ આત્મનિર્ભર કૃષિની દિશામાં આગળ વધવા તેમણે અનુરોધ કર્યો હતો. રાજયપાલશ્રીએ ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ખેડૂતો અને ખેતીને સમૃધ્ધ કરવા પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહ્વાન કર્યું છે અને પ્રત્યેક ગામમાંથી ૭૫ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સાથે જોડવા અનુરોધ કર્યો છે, જેને સાકાર કરવા ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિ જન અભિયાન ઉપાડ્યું છે. જેના પરીણામ સ્વરૂપે રાજ્યમાં સવા ત્રણ લાખ જેટલા ખેડૂતો આ અભિયાનમાં જોડાયા છે. રાજયપાલશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે પ્રાકૃતિક કૃષિ પશુધન વિના શક્ય નથી. પ્રાકૃતિક કૃષિ માટે દેશી નસલની ગાયનું સૌથી વધુ મહત્વ છે. તેમણે જણાવ્યું હતું કે દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ કરોડ જીવાણું હોય છે જે જમીનની ફળદ્રુપતા વધારવામાં સહાયભૂત થાય છે. પ્રાકૃતિક કૃષિના મૂળભૂત સિધ્ધાંતોને સમજાવતા રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે પ્રાકૃતિક કૃષિમાં ગાયના છાણ, ગૌ-મુત્રથી બનતા બીજામૃતથી બીજને સંસ્કારિત કરવામાં આવે છે. જેથી સ્વસ્થ બીજ દ્વારા ઝડપી અંકુરણ થાય છે. ગાયના છાણ-ગૌ મૂત્ર, દાળનું બેસન, ગોળ અને માટીના મિશ્રણથી બનતા જીવામૃત-ઘનજીવામૃત સૂક્ષ્મજીવોની વૃદ્ધિ માટે કલ્ચર સ્વરૂપે કાર્ય કરે છે. આ પદ્ધતિમાં કૃષિ અવશેષોથી જમીનને ઢાંકવામાં આવે છે જેને મલ્ચીંગ કહેવાય છે. મલ્ચીંગને કારણે જમીનનું ઊંચા તાપમાન સામે રક્ષણ થાય છે, જમીનમાં ભેજનું પ્રમાણ જળવાઈ રહે છે, જેથી પાણીની જરૂરિયાત ઓછી થાય છે. મલ્ચીંગથી નિંદામણની સમસ્યાનો હલ થાય છે. જમીનને ઢાંકવાથી અળસિયાં જેવા મિત્ર જીવોને દિવસ દરમિયાન કાર્ય કરવાનું વાતાવરણ મળે છે. રાજયપાલશ્રીએ અળસિયાં જેવા જીવોને ખેડૂતોના મિત્રજીવ ગણાવી ઉમેર્યું હતું કે પ્રાકૃતિક કૃષિમાં જીવામૃત-ઘનજીવામૃતના ઉપયોગથી આ મિત્ર જીવો અને સહાયક સૂક્ષ્મજીવોની વૃધ્ધિ થાય છે. તેમણે જણાવ્યું હતું કે અળસિયાં જમીનમાં અસંખ્ય છીદ્રો બનાવી જમીનને નરમ બનાવે છે. માટીમાં રહેલાં જટીલ ખનીજ તત્વોનું શોષી શકાય તેવા સરળ સ્વરૂપમાં રૂપાંતર કરે છે. જેનું છોડના મૂળ દ્વારા શોષણ થાય છે અને છોડને પોષણ મળે છે. અળસિયાંએ બનાવેલાં અસંખ્ય છીદ્રો દ્વારા વરસાદનું પાણી જમીનનાં ઉતરે છે અને કુદરતી રીતે જળસંચય થાય છે રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે જંગલમાં વૃક્ષ-વનસ્પતિઓનો રાસાયણિક ખાતર કે જંતુનાશકો વિના પ્રાકૃતિક રીતે વૃધ્ધિ વિકાસ થાય છે એ જ પ્રાકૃતિક પધ્ધતિથી ખેતરમાં ઉત્પાદન મેળવવું એ પ્રાકૃતિક કૃષિ છે. રાજયપાલશ્રીએ રાસાયણિક ખેતીના દુષ્પરિણામોથી મુક્તિ મેળવવાના મજબૂત વિકલ્પ તરીકે પ્રાકૃતિક કૃષિને ગણાવી જણાવ્યું હતું કે એક દેશી ગાયની મદદથી ૩૦ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી થઈ શક છે. પ્રાકૃતિક કૃષિથી જળ-જમીન અને પર્યાવરણની રક્ષા થાય છે, કૃષિ ઉત્પાદન ઘટતું નથી. દેશી ગાયનું જનત અને સંવર્ધન થાય છે. પાણીની બચત થાય છે. કૃષિ ખર્ચ નહિવત્ આવવાથી અને સ્વાસ્થ્યપ્રદ કૃષિ ઉત્પાદનોના ભાવ પ્રમાણમાં વધુ મળવાથી સરવાળે ખેડુતોને ફાયદો થાય છે. રાજયપાલશ્રીએ જણાવ્યું હતું રાસાયણિક ખાતર અને જંતુનાશકોથી દુષિત ખાદ્યાન્ન આરોગવાથી લોકો કેન્સર, ડાયાબીટીસ, હદયરોગ જેવા અસાધ્ય રોગનો ભોગ બની રહ્યા છે.

રાસાયણિક કૃષિમાં દિનપ્રતિદિન ખર્ચ વધી રહ્યો છે જ્યારે ઉત્પાદન સતત ઘટી રહ્યું છે જેના કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિ કથળી રહી છે રાજયપાલશ્રીએ ઓર્ગેનિક કૃષિ અર્થાત જૈવિક ખેતીને પ્રાકૃતિક કૃષિથી સાવ અલગ ગણાવી જણાવ્યું હતું કે ઓર્ગેનિક કૃષિમાં કૃષિ ખર્ચ ઘટતો નથી. નિંદામણની સમસ્યાનો હલ થતો નથી. વર્મી કમ્પોસ્ટના નિર્માણનો ખર્ચ વધુ થાય છે. વિદેશી અળસિયાં ભારતીય વાતાવરણમાં પુરી ક્ષમતાથી કાર્ય કરી શકતા નથી. ઓર્ગેનિક કૃષિમાં શરૂઆતના વર્ષોમાં ઉત્પાદન ઘટે છે, જેના કારણે ખેડૂતો માટે ઓર્ગેનિક કૃષિ વિશેષ લાભદાયી નથી. જ્યારે પ્રાકૃતિક કૃષિમાં દેશી ગાયના છાણ-ગૌ મુત્રની મદદથી બનતા જીવામૃત ઘન જીવામૃતથી જમીનમાં સૂક્ષ્મજીવોની અને અળસિયાં જેવા મિત્ર જીવોની વૃધ્ધિ થાય છે અને જમીન ફળદ્રુપ બને છે. ઉત્પાદન વધે છે. કૃષિ ખર્ચ ઘટે છે. કૃષિ ખર્ચ નહિવત અને ઉત્પાદન પૂરતુ મળવાને કારણે આ પધ્ધતિ ખેડૂતો માટે લાભદાયી છે. રાજયપાલશ્રીએ ઉમેર્યું હતું કે ,પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય દ્વારા સમસ્ત ભારત અને વિશ્વમાં આધ્યાત્મિકતા, મેડીટેશન અને માનવ કલ્યાણ હેતુ વિવિધ સંકલ્પો કરાઈ રહ્યા છે. ભારતીય સંસ્કૃતિ આદી કાળથી આધ્યાત્મિક સંસ્કૃતિ રહી છે. વેદો-ઉપનિષદોના દેશમાં ઋષિ મુનિઓએ જીવનનો સંદેશ આપ્યો છે. ભારતમાં વૈદિક અને આધ્યાત્મિક પરંપરાથી આપણે સદા આનંદીત અને સુખી થાયા. મનુષ્ય શરીરમાં મહત્વપૂર્ણ ચીજ વિચારધારા છે, આ વિચારધારાથી ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે દિશામાં બ્રહ્માકુમારી ઈશ્વરીય વિધાલય દ્વારા કિસાન સંમેલનનું આયોજન કર્યું છે.આ પ્રસંગે ઉત્તર પ્રદેશના બદ્રી વિશાલભાઈએ તેમજ રાજયોગીની ઉષાદીદીએ પ્રાકૃતિક કૃષિ સંદર્ભે તેમજ યોગ સંદર્ભે વિગતે સમજ આપી હતી.રાજયપાલશ્રીએ મહેસાણા ખાતે આયોજીત બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના સ્વર્ણિમ મહોત્સવમાં વિવિધ પ્રદર્શની નિહાળી હતી. આ પ્રસંગે ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ,જિલ્લા કલેક્ટર એમ નાગરાજન, રાજયોગીની બ્રહ્માકુમારી સરલાદીદી, ગુજરાત ઝોનના બ્રહ્માકુમારી ભારતીદીદી, રાજયોગીની બ્રહ્માકુમારી ઉષાદીદી, ઉત્તર પ્રદેશના કૃષિ વિભાગના સહાયક નિર્દેશક બ્રહ્માકુમાર બદ્રી વિશાલભાઈ, જિલ્લા વિકાસ અધિકારી ડો ઓમ પ્રકાશ,જિલ્લા પોલીસ અધિક્ષક અચલ ત્યાગી, અધિકારીઓ, પદાધિકારીઓ, ખેડૂતો,બ્રહ્માકુમારી અને બ્રહ્માકુમાર તેમજ મોટી સંખ્યામાં ખેડૂત ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## અંકલેશ્વર શિવાલય માં ઘીના કમળ દર્શન શ્રુંગાર દર્શન કરવા ભકતો ની ભીડ

### શિવ પરિવાર સાથે ના ઘીના કમળ ના દર્શન સાથે ફૂલો શ્રુંગાર દર્શન જોવા શિવાલય માં ભક્તો બીજા દિવસે પણ હુ જૂમ જોવા મળ્યું





કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

અંકલેશ્વર શિવાલય માં ઘીના કમળ દર્શન શ્રુંગાર દર્શન કરવા ભકતો ની ભીડ જોવા મળી હતી. કલાત્મક ઘી ના કમળ શિવલિંગ પર ચઢાવવામાં આવ્યા હતા. શિવ પરિવાર સાથે ના ઘીના કમળ ના દર્શન સાથે ફૂલો શ્રુંગાર દર્શન જોવા શિવાલય માં ભક્તો બીજા દિવસે પણ હુ જૂમ જોવા મળ્યું હતું. મહાશિવરાત્રી નું ઉજવણી કરતા અંકલેશ્વર શહેર તેમજ તાલુકા માં ભક્તો શિવભક્તિ થી તરબોળ બન્યા હતા. જેના બીજા દિવસે પણ અંકલેશ્વર માં શિવ ભક્તો ની અનોખી આસ્થા જોવા મળી હતી. મહાશિવરાત્રી નિમિત્તે ભગવાન શિવના શિવલિંગ પર કલાત્મક ઘીના કમળ ચઢવામાં આવે છે જેના દર્શન માટે પણ ભક્તો મોટી સંખ્યા માં ઉમટયા હતા. અંકલેશ્વર ના પૌરાણિક તીર્થ એવા અંતરનાથ મહાદેવ મંદિર ખાતે ઘી ના કમળ ભગવાન શિવ ના મુખાર્વિદ સાથે દર્શનાર્થે ખુલ્લા મૂકવા આવ્યો હતો.અંતરનાથ મહાદેવ રત્નેશ્વર મહાદેવ મંદિર, એકનાથ લીગ મહાદેવ મંદિર, માર્કેન્ડેશ્વર મંદિર, માંડવેશ્વર મહાદેવ, સહીત ના શિવાલય માં ઘી ના કમળ દર્શન કરી ભકતોએ ધન્યતા અનુભવી હતી

## મોરબી જિલ્લામાં સમાજ સુરક્ષા અને બાળ સુરક્ષા વિભાગ હેઠળ જરૂરિયાતમંદના સામાજિક ઉત્કર્ષ માટે અનેક યોજનાઓ અમલી

### રાજ્ય સરકારનો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સામાજિક સમાનતા અને ઉત્થાન માટે સતત પ્રયત્નશીલ




કમલમ્ ન્યુઝ,મોરબી


ભારત એ એકતા માં વિવિધતા ધરાવતો દેશ છે. આપણે ત્યાં સામાજિક એકતા જળવાઈ રહે તે હેતુથી વિવિધ કાર્યક્રમો અને આયોજન કરવામાં આવે છે. વિશ્વ સ્તરે પણ સામાજિક ન્યાય, નિરક્ષતા, ધાર્મિક અને શારીરિક ભેદભાવ, ગરીબી અને વંશવાદ વગેરે જેવા અનેક સામાજિક પ્રશ્નો નાબુદ કરવાના હેતુથી દર વર્ષે ૨૦ ફેબ્રુઆરીના રોજ વિશ્વ સામાજિક ન્યાય દિવસની ઉજવણી કરવામાં આવે છે. રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા સામાજિક, શૈક્ષણિક કે આર્થિક રીતે પછાત વર્ગના લોકોને સામાન્ય પ્રવાહમાં લઈ આવવા માટે તેમના ઉત્થાન, ઉત્કર્ષ અને વિકાસ માટે વિવિધ આયોજનો અને યોજનાઓ ચલાવવામાં આવે છે. અનેક જનકલ્યાણની યોજનાઓ દ્વારા આવા લાખો લોકોની પડખે સરકાર હરહંમેશ ઉભી છે. ગુજરાત સરકારના ન્યાય અધિકારીતા વિભાગ અન્વયે વિવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. મોરબીમાં સમાજ સુરક્ષા વિભાગ અને બાળ સુરક્ષા વિભાગ દ્વારા જરૂરિયાતમંદ લોકોના સામાજિક ઉત્કર્ષ માટે વિવિધ યોજનાઓનું અમલીકરણ કરી લોક હિતના પ્રયાસો કરવામાં આવે છે. જિલ્લાના સમાજ કલ્યાણ વિભાગ અંતર્ગત વર્ષ-૨૦૨૨-૨૩ દિવ્યાંગ રાહત અને રોજગારલક્ષી ૧૮૨ સાધન સહાય મંજુર કરવામાં આવી છે. જિલ્લામાં કુલ ૫ હજારથી વધુ દિવ્યાંગો મફત મુસાફરી પાસનો લાભ મેળવી રહ્યાં છે. ૨૫૫ લાભાર્થીઓ સંત સુરદાસ યોજનાનો, તો ૨૯૩ લાભાર્થીઓ ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબીલીટી પેન્શન યોજનાથી લાભાન્વિત થઈ રહ્યા છે.

બૌદ્ધિક અસમર્થતા આર્થિક સહાય હેઠળ ૫૦ લાખથી વધુની સહાય અર્પણ કરવામાં આવી છે. ૩૭૨ નિરામયા હેલ્થ કાર્ડ ઈસ્યુ કરી સરકારે આવા જરૂરીયાતમંદ લોકોના આરોગ્યની ચિંતા કરી છે. દિવ્યાંગ શિષ્યવૃતિ હેઠળ ૬૦ લોકોને ૮૦ હજારથી વધુની સહાય અર્પણ કરવામાં આવી છે. ઉપરાંત વર્ષ દરમિયાન દિવ્યાંગ લગ્ન સહાયમાં ૨૩ લાભાર્થીઓને ૧૧ લાખથી વધુની સહાય અર્પણ કરવામાં આવી છે. જિલ્લા બાળ સુરક્ષા એકમ હેઠળ ૧૫ બાળકો મુખ્યમંત્રી બાળ સેવા યોજના(અનાથ), ૩૭૮ બાળકો મુખ્યમંત્રી બાળ સેવા યોજના (એકવાલી) તથા ૩૦૬ બાળકો પાલક માતા-પિતા યોજનાનો લાભ મેળવી રહ્યા છે. કેન્દ્ર સરકારની સ્પોન્સરશીપ યોજના ૬ બાળકો માટે, રાજ્ય સરકારની સ્પોન્સરશીપ યોજના ૨૮ બાળકો માટે તથા પીએમ કેર્સ ફોર ચિલ્ડ્રન યોજના ૬ બાળકો માટે અને ચિલ્ડ્રન ઈન સ્ટ્રીટ સિચ્યુએશન યોજના ૩૧ બાળકો માટે છત્રછાયા બની છે. ઉપરાંત જિલ્લા બાળ સુરક્ષા એકમ હેઠળ ૩ બાળ સંભાળ સંસ્થા પણ જિલ્લામાં કાર્યરત છે. જ્યાં કાળજી અને રક્ષણ વાળા બાળકોને આશ્રય આપી તેમની સારસંભાળ રાખવામાં આવે છે.

## ઝઘડિયા ના ઉચેડિયા ગામે દેશનું પ્રથમ દિવ્યાંગો માટેનું અદ્યતન વૃદ્ધાશ્રમ "પ્રભુનું ઘર" નું મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ્હસ્તે કરાયો શિલાન્યાસ

### વૃદ્ધાશ્રમને રિસોર્ટ તરીકે આકાર આપી"પ્રભુના ઘર" તરીકે નિર્માણ કરવાનું ભગીરથ કાર્ય પદ્મશ્રી કનુભાઈ ટેલર ઉપાડશે






### વૃદ્ધાશ્રમના નિર્માણથી ૨૦૦ જેટલા વૃદ્ધ દિવ્યાંગો માટે ૪૯ જેટલી વિવિધ અદ્યતન સગવડો ઉપલબ્ધ કરાવાશે

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના ઉચેડિયા ગામે દેશનું પ્રથમ દિવ્યાંગો માટેનું અદ્યતન વૃદ્ધાશ્રમ "પ્રભુનુ ઘર"નુ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ્હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.આ વૃદ્ધાશ્રમના નિર્માણથી ૨૦૦ જેટલા વૃદ્ધ દિવ્યાંગો માટે ૪૯ જેટલી વિવિધ અદ્યતન સગવડો ઉપલબ્ધ કરવામાં આવશે.

કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં દિવ્યાંગોના ઉત્થાન માટે સતત ચિંતા સાથે અનેક કાર્યો થઈ રહ્યા છે. તેમાં વધુએક છોગું ઉમેરાતાં દિવ્યાંગોને વૃદ્ધાવસ્થામાં કોઈ તકલીફ ન પડે તે માટે સુરતના સેવાભાવી કર્મશીલ અને પદ્મ શ્રી કનુભાઈ ટેલરના વિચારો થકી ભરૂચ જિલ્લામાં નર્મદા નદીના કિનારે ઝઘડિયા તાલુકાના ઉચેડિયા ગામે ૪૦ કરોડના ખર્ચે આકાર પામનાર દિવ્યાંગો માટેના વૃદ્ધાશ્રમ "પ્રભુનું ઘર''નું ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલેના વરદ હસ્તે શિલાન્યાસ કરાયો હતો. શિલાન્યાસના આ કાર્યક્રમની શરૂઆત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા અન્ય મહાનુભાવોના દ્વારા દિપ પ્રાગટ્ય થકી કરવામાં આવી આવી હતી.

દિવ્યાંગો માટેના અધ્યતન વૃદ્ધાશ્રમના શિલાન્યાસ વેળાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, દિર્ઘદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશાં દિવ્યાંગોને સમાજની મુખ્ય ધારામાં કેવી રીતે લાવી શકાય તે માટે સતત ચિંતા કરીનેતે દિશામાં અનેકયોજના અમલમાં મુકી છે. આ ઉપરાંત ભગીરથ કાર્યને આગળ ધપાવવાના યજ્ઞમાં દેશમાં પ્રથમ વખત દિવ્યાંગો માટેના વૃદ્ધાશ્રમ પ્રભુનુંઘરનું નિર્માણ કાર્ય થવા જઈ રહ્યું છે જે ખરેખર પ્રસંશનીય છે. તેમજ "છોડમાં રણછોડ દેખાય છે તેમ દિવ્યાંગમાં પણ રણછોડ દેખાવા જોઈએ" તેમ જણાવી આ સંસ્થાના દિવ્ય કાર્યની મુખ્યમંત્રી એ સરાહના કરી હતી. આ પ્રસંગે અંકલેશ્વર ના , ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ, ભરૂચ ના ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, ઝઘડિયા ના ધારાસભ્ય રિતેશ વસાવા, જંબુસર ના ધારાસભ્ય ડી.કે.સ્વામી, જિલ્લા ભાજપ પ્રમુખ મારૂતિસિંહ અટોદરિયા,, જિલ્લા કલેક્ટર તુષાર સુમેરા, જિલ્લા પોલીસવડા ડો. લીના પાટીલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પી.આર.જોષી, સહીત અધિકારીશ્રીઓ તેમજ પદાધિકારીઓ, દિવ્યાંગ બાળકો મોટી સંખ્યામાં લોકો હજર રહ્યા હતા.




કમલમ્ ન્યુઝ,ચેતન પટેલ, મહેસાણા

મહેસાણા ખાતે બજરંગદલના યુવાનો માટે ત્રિશુલદીક્ષાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમા ૧૯૪ યુવાનોએ ભાગલીધો હતો, આ સમારંભના અધ્યક્ષ દક્ષેશભાઈ પટેલ, APMC ના ચેરમેન ,પ્રહલાદભાઈ પટેલ, તથા સેવંતીભાઈ પટેલ નિરમાવાલા વિષેશ હાજર રહ્યાહતા અને યુવાનોને હિન્દુધર્મ,હિન્દુસમાજ, હિન્દુ સંસ્કુતિ તથા હિન્દુ રાષ્ટ્રમાટે બજરંગીઓએ શું શું કરવુ જોઈએ એ બાબતે ખુબ સુંદર રીતે માર્ગદર્શન આપ્યુ હતું, જિલ્લા ના અધ્યક્ષ દિનેશભાઈ પટેલે સર્વે મહેમાનોનુ સ્વાગત કર્યું તથા સ્વાગત પ્રવચનમા વિ,હિ,પ, બજરંગદલ વિષે વિષેશ માહિતી પણ આપી હતી નિલેશભાઈ પટેલ ઉ,ગુ,પ્રાન્ત મહામંત્રીએ ત્રીશુલદીક્ષાનુ મહત્વ સમજાવ્યુ હતુ, તથા માન, રાજેશભાઈ પટેલ ઉ,ગુ,પ્રાન્ત સંગઠન મંત્રીએ યુવાનોને સમય આવે ધર્મમાટે અને રાષ્ટ્રમાટે બલિદાન આપવા માટે પણ સદૈવ તૈયાર રહેવા માટે આહવાન કર્યુ હતું અને યોગ્ય દિશાસુચન તથા માર્ગદર્શન કર્યુ, મહેસાણા વિભાગ બજરંગ સંયોજકશ્રીએસર્વે બજરંગી યુવાનોને હાથમા ત્રીશુલ લઈને પ્રતિજ્ઞા સાથે ત્રિશુલ દીક્ષા ગ્રહણ કરાવી ધનંજયભાઈ શુકલ પુર્ણકાલીન સંગઠન મંત્રી તથા પંકજભાઈ દવે બજરંગદલ સહ સંયોજકે ખુબ મહેનત કરીને આ કાર્યક્રમને સફળતા અપાવી છેલ્લે ઘનશ્યામભાઈ કડીયા ઉપાધ્યક્ષ એ આભારવિધી કરી સૌનો આભાર માની કાર્યકર્મને સુંદરરીતે પુર્ણ કર્યો હતો


## જોઈએ છે

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું નામાંકિત અખબાર ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર

PRESS

“કમલમ દૈનિક”

સમગ્ર ગુજરાત માટે બ્યુરો ઓફિસ ફાળવવાની છે

સમગ્ર ગુજરાતમાં જિલ્લા તેમજ તાલુકા મથકે રિપોર્ટિંગ કરી શકે તેવા જિલ્લા ચીફ અને તાલુકા ચીફ તેમજ માનદ- રિપોર્ટરની નિમણુંક કરવાની છે.

રસ ધરાવતા (અનુભવી - બિનઅનુભવી) વ્યક્તિએ સંપર્ક કરવો

સંપૂર્ણ બાયોડેટા ઈ-મેલ દ્વારા મોકલવો

E-mail.: kamalamgujarat@gmail.com

મહેશ પટેલ - Mo.: 98249 10606


•Printer/Publisher/Owner &Editor: Mahesh N.Patel.•Printed At:-CaptialOffset 801/1,G.i.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 •Published -At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar(Gujarat) 382028